# દિલ્હી પબ્લિક સ્કૂલની ટીમ જિલ્લા ક્રિકેટમાં પ્રથમ ક્રમે



ગાંધીનગર, તા. ૨

દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરની અન્ડર-૧૭ બોય્ઝની ક્રિકેટ ટીમ એસજીએફઆઈ જિલ્લાકક્ષાની ટેનિસ બૉલ ક્રિકેટ ટુર્નામેન્ટમાં પ્રથમ સ્થાને વિજેતા બની છે. ટીમના ૮ ખેલાડીઓની પસંદગી રાજ્યકક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ માટે કરવામાં આવી છે.

આ ટુર્નામેન્ટનું આયોજન ડીપીએસ, ગાંધીનગરના ક્રિકેટ ગ્રાઉન્ડ પર કરવામાં આવ્યું હતું. જિલ્લાની ચાર ટીમોએ આ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો.

સમગ્ર શાળા પરિવાર વતી આચાર્ય અતનુ રથ દ્વારા વિજેતા ટીમને બિરદાવી રાજ્યકક્ષાની ટુર્નામેન્ટમાં જઈ રહેલા વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી.



હિન્દુ સંસ્કૃતિમાં ગણેશપૂજાનું આગવું મહત્ત્વ રહેલું છે. કોઈપણ શુભ કાર્યની શરૂઆત વિઘ્નહર્તાની ઉપાસનાથી જ કરવામાં આવે છે. બાળકો પણ ગણેશજીની મહિમાથી પરિચિત થાય અને તેમનાં પૂજનનો લ્હાવો મેળવે તે હેતુથી ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ પરિવાર દ્વારા ગણેશ ચતુર્થી નિમિત્તે શાળામાં ગણેશજીનું સ્થાપન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટી નિલેશભાઈ અને કિનાબેન દ્વારા ગણેશજીનું સામૈયું ધામધૂમથી કરી સ્થાપન કરવામાં આવ્યું હતું. શાળા પરિવારે સમૂહ આરતી કરી અને ગણેશજીના આશીર્વાદ મેળવ્યા હતા.

## પીએચડી થયાં



ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરનાં ભાવના પરમારે શ્રીમતી એચ સી પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણના હિન્દી વિભાગના અધ્યક્ષ ડૉ. ધનંજય ચૌહાણના માર્ગદર્શન હેઠળ 'ઇક્કીસવીં શતાબ્દિ કી કહાનિયોં મેં નારી કા બદલાતા સ્વરૂપ' વિષે તૈયાર કરેલા મહા શોધનિબંધને માન્ય રાખીને ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ દ્વારા તેમને પીએચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

## શ્રી જે એમ ચૌધરી વિદ્યાલય ખાતે નેચર હેલ્થ માટેનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧

શ્રી જે એમ ચૌધરી વિદ્યાલય ખાતે આચાર્ય રમીલાબેન એસ ચૌધરીના માર્ગદર્શન હેઠળ નેચર હેલ્થ માટેનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

અક્ષયપાત્ર સંસ્થાના એચ એમ પટેલ દ્વારા પાંચ તત્ત્વોના બનેલા શરીરને રોગમુક્ત કેવી રીતે કરવું તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કોણ કયા રોગથી પીડાઈ રહ્યું છે, તેનું કારણ શું છે, રોગને દૂર કરવાનો ઉપાય ખાણીપીણીમાં જ રહેલો છે તે અંગે તેમણે વિગતવાર માહિતી પૂરી પાડીને વિદ્યાર્થીઓને વિષયની ઊંડાણપૂર્વકની માહિતી પૂરી પાડી હતી. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા સવાલોના ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.



ભારતીય જીવન વિમા નગમ દ્વારા ૬૩ઉમા સ્થાપના દિને ગાંધીનગર વિભાગીય કાર્યાલય દ્વારા સૅક્ટર-૧૧ સ્થિત વડી કચેરીમાં તા. ૧થી ૭ દરમિયાન વિમા સપ્તાહની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. સપ્તાહના શુભઆરંભ પ્રસંગે વરિષ્ઠ મંડલ પ્રબંધક કે આર બાલાસુબ્રમણ્યમ ઉપસ્થિત રહ્યા હતા.

# આદર્શ નિવાસી કુમાર શાળામાં મૅડિકલ ચૅક-અપ કૅમ્પ યોજાયો



ગાંધીનગર, તા. ૧

આદર્શ નિવાસી કુમાર શાળા (અજા), સૅક્ટર-૮, ગાંધીનગર ખાતે તાજેતરમાં મૅડિકલ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

અર્બન હેલ્થ સેન્ટર, સૅક્ટર-૨નાં મૅડિકલ ઑફિસર ડૉ. પૂજાબેન ખત્રી, ફિમેલ હેલ્થ વર્કર જિજ્ઞાસાબેન મકવાણા અને ફાર્માસિસ્ટ અવનીબેન પટેલ દ્વારા શાળાના ધોરણ-૯થી ૧૨ સુધીના ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓનું મૅડિકલ ચૅક-અપ કરવામાં આવ્યું હતું. સામાન્ય બીમારીવાળા વિદ્યાર્થીઓને જરૂરી દવાઓ આપવામાં આવી હતી અને વધુ તકલીફ હોય તેવા વિદ્યાર્થીઓને વધુ તપાસ કરાવી સારવાર કરાવવાની સલાહ પણ આપવામાં આવી હતી.

આ કૅમ્પનું આયોજન અને વ્યવસ્થાપન દિપ્તીબેન વૈષ્ણવ દ્વારા કરવામાં આવ્યું હતું. આચાર્ય જી કે સોલંકી દ્વારા અર્બન હેલ્થ સેન્ટરની ટીમ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



ડો. રાજેશભાઈ બી શાહ
ટ્રેઝરર અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૯૨૫૦ ૦૮૬૩૦



કનુભાઈ શીવલાલ શાહ
મો. ૯૯૨૫૦ ૧૨૪૮૬



સોનીભાઈ સાબુવાળા
મો. ૯૪૨૭૪ ૧૮૨૪૪



વેન્સી કમલેશકુમાર પટેલ

# સાબરમતી જેલ દ્વારા મેઘાણીને શ્રદ્ધાંજલિ





ગાંધીનગર, તા. ૨

આઝાદીની લડત સમયે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીને જ્યાં રખાયેલા તે અમદાવાદ સ્થિત ઐતિહાસિક સાબરમતી જેલ ખાતે ૧૨૩મી મેઘાણી-જયંતી નિમિત્તે ભાવાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે સરદાર યાર્ડમાં ભારતના લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની દુર્લભ તસ્વીરોની સ્થાપના કરવામાં આવી હતી. જેલ અને સુધારાત્મક વહીવટના નાયબ પોલીસ મહાનિરીક્ષક ડો. એસ. કે. ગઢવી (આઈપીએસ), અમદાવાદ મધ્યસ્થ જેલના અધિક્ષક મનોજ નિનામા (આઈપીએસ), નાયબ અધિક્ષક પી. બી. સાપરા, અને ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકી મેઘાણીની આ પ્રસંગે વિશેષ ઉપસ્થિતિ રહી હતી. લોકગાયક નીલેશ પંડ્યા અને જેલવાસી ભાઈઓએ મેઘાણીગીતો થકી મેઘાણીને સ્વરાંજલિ અર્પણ કરી હતી. પોલીસ વિભાગમાં ૩૭ વર્ષની યશસ્વી કામગીરી બાદ વય-નિવૃત્ત થઈ રહેલા નાયબ જેલ અધિક્ષક પી. બી. સાપરાનું ભાવભર્યું અભિવાદન પણ આ અવસરે કરવામાં આવ્યું હતું.

# ભાડજના હરેકૃષ્ણ મંદિર દ્વારા શાનદાર હૅરિટેજ ફેસ્ટ






ગાંધીનગર, તા. ૨

આજની આ હરણફાળ-ભરી જીદંગીમાં સફળ કારકીર્દીના ઘડતર માટે બાળકોમાં માત્ર ઉંચો બુદ્ધિઆંક અને ઉત્તમ શૈક્ષણિક દેખાવ હોવો પૂરતો નથી. વ્યકિતગત અને વ્યાવસાયિક જીવનમાં લાંબાગાળાની સફળતા પ્રાપ્ત કરવા માટે જીવન કૌશલ્યનું જ્ઞાન હોવું અને સુમેળ વ્યક્તિત્વ ધરાવવું એ મહત્વના પરિબળો બન્યા છે. કલાત્મક અને સાહિત્યિક વ્યવસાયો માત્ર વ્યકિતના મગજની નવીન અને સર્જનાત્મકવૃતિનું ઘડતર નથી કરતા પણ સાથોસાથ એ વ્યકિતના ભાવાનાત્મક વિચારો સુદ્રઢ કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.

હરેકૃષ્ણ મંદિર, ભાડજ, અમદાવાદ દ્વારા અમદાવાદ અને ગાંધીનગરના જુદા જુદા સ્થળે યોજાયેલ હેરિટેઝ ફેસ્ટ ઈવેન્ટ વિદ્યાર્થીઓને સર્જનાત્મક અને કંઈક નવું કરવાની ધગશને એક અદભૂત તક પૂરી પાડી હતી જેની ફાઈનલ સ્પર્ધા તેના મંદિર ખાતે યોજાશે. જુનિયર કે.જી. થી લઈને ધોરણ-૧૦ માં ભણતા વિદ્યાર્થીઓ માટે આ ઈવેન્ટ મનોરંજન તથા જ્ઞાનસભર સાથેની સાંસ્કૃતિક કાર્નિવલ સ્પર્ધા બની રહી. આ સ્પર્ધા માટે દેવ ઈન્ટરનેશનલ સ્કૂલ, શ્રી શ્રી રવિશંકર, યુરો સ્કૂલ, અમૃથ વિદ્યાલય અને ઘણી બધી શાળઓ તરફથી જબરદસ્ત પ્રતિસાદ મળ્યો હતો. આશરે ૧૨૦૦૦ કરતા પણ વધુ બાળકો આ વર્ષે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

હરિટેઝ ફેસ્ટ હરે કૃષ્ણ મુવમેન્ટ દ્વારા પ્રતિવર્ષ ઉજવાતો ઉત્કૃષ્ઠ સાંસ્કૃતિક સભર કાર્યક્રમ છે જે આ ટેકનોલોજીના યુગને કારણે વિભાજીત થયેલ સમાજને સંસ્કૃતિ સાથે સેતુ બાંધવાનો પ્રયાસ કરે છે, તરુણોને અપરાધવૃતિ પ્રત્યે સભાન બનાવે છે અને બાળકોમાં સારી વૃતિ ધરાવતી જીવનશૈલી પર ભાર મૂકે છે. આ કાર્યક્રમ તેઓને ૩૫ જેટલી સાંસ્કૃતિક સ્પર્ધાઓમાં ભાગ લેવાની અનન્ય તક પૂરી પાડે છે. જેમકે શાસ્ત્રીય નૃત્ય, કલરીંગ, ડ્રામા, નૃત્ય નાટક, ગીતાનું ગાન, ગીતા શ્લોકનું રટણ, વૈદિક પ્રશ્નોત્તરી, સંગીત સ્પર્ધા અને આવી ઘણી બધી સ્પર્ધાઓ.

સ્પર્ધાના બધા જ વિજેતાઓને એક ખાસ ઈનામ વિતરણ કાર્યક્રમ દ્વારા આકર્ષક ઈનામનું વિતરણ કરવામાં આવશે. ટોચની ત્રણ શાળાઓ અને શિક્ષકો જેમણે વિજેતાઓને (વિદ્યાર્થીઓને) સ્પર્ધામાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવા માટેની તાલીમ પૂરી પાડે છે તેઓને ખાસ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવશે. સૌથી વધુ પોઈન્ટસ મેળવનાર શાળા-સંસ્થાને 'હેરિટેઝ ફેસ્ટ ટ્રોફી' એનાયત કરવામાં આવશે. હેરિટેઝ ફેસ્ટનું આયોજન તા. ૧૯ ઓગસ્ટથી લઈને ૪ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધી હરેકૃષ્ણ મંદિર-ભાડજ, સાયન્સ સીટી, અમદાવાદ ખાતે યોજાઈ રહ્યું છે. તા. ૧૯ ઓગસ્ટના રોજ આશરે ૬૦ શાળાઓમાં ડ્રોઈંગ, પેઈન્ટીંગ, હેન્ડ રાઈટીંગ, કેલીગ્રાફી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેમાં આશરે ૭૦૦૦થી વધુ બાળકો ભાગ લીધો. સ્ટેજ ઈવેન્ટ જેમકે ડાન્સ, થિયેટર અને ગીત સ્પર્ધાનું આયોજન તા. ૨૯ ઓગસ્ટ થી ૩૧ ઓગસ્ટ, ૨૦૧૯ દરમ્યાન હરેકૃષ્ણ મંદિર, ભાડજ ખાતે કરવામાં આવ્યું જેમાં પણ આશરે ૫૦૦૦ કરતાં વધારે બાળકો ભાગ લીધો હતો. હેરિટેઝ ફેસ્ટ એ ફક્ત સાંસ્કૃતિક સ્પર્ધાઓનું કેન્દ્રીબિંદુ નથી પણ ભારતના કાલાતીત અને ભવ્ય વારસાની ઉજવણી કરવાનો અવસર છે. તે ખૂબ જ હૃદયસ્પર્શી કાર્યક્રમ જેને ફક્ત શૈક્ષણિક સંસ્થાઓ તરફથી જ નહીં પણ જુદા જુદા ક્ષેત્રમાં આગવી પ્રતિભા ધરાવનાર વ્યક્તિઓ દ્વારા ખૂબ જ સારો આવકાર મળેલ છે.

## શરમાણપણારૂપી ઢાલ

અન્નાહારી મંડળની કાર્યવાહક સમિતિમાં હું ચૂંટાયો તો ખરો, અને ત્યાં દરેખ વખતે હાજરી પણ ભરતો, પણ બોલવાને જીભ જ ન ઊપડે. મને દા. ઓલ્ડફિલ્ડ કહે, 'તું મારી સાથે તો ઠીક વાતો કરે છે, પણ સમિતિની બેઠકમાં તો કદી જીભ જ નથી ઉપાડતો. તને નરમાખની ઉપમા ઘટે છે.' હું આ વિનોદ સમજ્યો. માખીઓ નિરંતર ઉદ્યમી રહે છે, પણ નરમાખ ખાતો પીતો રહે છે ને કામ કરતો જ નથી. સમિતિમાં બીજા સૌ પોતપોતાના અભિપ્રાય દર્શાવે ત્યારે હું મૂંગો જ બેસી રહું એ કેવું? મને બોલવાનું મન ન હતું એમ નહીં, પણ શું બોલવું? બધા સભ્યો મારા કરતાં વધારે જાણનારા લાગે. વળી કોઈ બાબતમાં બોલવા જેવું લાગે અને હું બોલવાની હિંમત કરવા જતો હોઉં તેવામાં તો બીજો વિષય ઊપડે.




આમ બહુ વખત ચાલ્યું. તેવામાં સમિતિમાં એક ગંભીર વિષય નીકળ્યો. તેમાં ભાગ ન લેવો એ મને અન્યાય થવા દીધા બરોબર લાગ્યું. મૂંગે મોઢે મત આપી ને શાંત રહેવું એ નામર્દાઈ લાગી. મંડળના પ્રમુખ 'ટેમ્સ આયર્ન વર્કર્સ'ના માલિક મિ. હિલ્સ હતા. તેઓ નીતિચુસ્ત હતા. તેમના પૈસા ઉપર મંડળ નભતું હતું એમ કહી શકાય. સમિતિમાંના ઘણા તો તેમની છાયા નીચે નભતા હતા. આ સમિતિમાં દા. ઍલિન્સન પણ હતા. આ વખતે પ્રજોત્પત્તિ ઉપર કૃત્રિમ ઉપાયોથી અંકુશ મૂકવાની હિલચાલ ચાલતી હતી. દા. ઍલિન્સન તે ઉપાયોના હિમાયતી હતા ને મજૂરોમાં તેનો પ્રચાર કરતા. મિ. હિલ્સને આ ઉપાયો નીતિનાશ કરનારા લાગ્યા. તેમને મન અન્નાહારી મંડળ કેવળ ખોરાકના જ સુધારાને સારુ નહોતું, પણ તે એક નીતિવર્ધક મંડળ પણ હતું. અને તેથી દા. ઍલિન્સનના જેવા સમાજઘાતક વિચારો ધરાવનારા તે મંડળમાં ન હોવા જોઈએ એવો તેમનો અભિપ્રાય હતો. તેથી દા. ઍલિન્સનને સમિતિમાંથી બાતલ કરવાની દરખાસ્ત આવી. આ ચર્ચામાં હું રસ લેતો હતો. દા. ઍલિન્સનના કૃત્રિમ ઉપાયોવાળા વિચારો મને ભયંકર લાગેલા. તે સામે મિ. હિલ્સના વિરોધને હું શુદ્ધ નીતિ માનતો હતો. તેમના પ્રત્યે મને ખૂબ માન હતું. તેમની ઉદારતાને વિષે આદર હતો. પણ એક અન્નાહારસંવર્ધક મંડળમાંથી શુદ્ધ નીતિના નિયમોને ન માનનારનો, તેની અશ્રદ્ધાને કારણે, બહિષ્કાર થાય એમાં મને ચોખ્ખો અન્યાય જણાયો. મને લાગ્યું કે અન્નાહારી મંડળના સ્ત્રીપુરુષસંબધ વિષેના મિ. હિલ્સના વિચાર તેમના અંગત હતા. તેને મંડળના સિદ્ધાંત સાથે કશો સંબંધ નહોતો. મંડળનો હેતુ કેવળ અન્નાહારનો પ્રચાર કરવાનો હતો, અન્ય નીતિનો નહીં. તેથી બીજી અનેક નીતિનો અનાદર કરનારાને પણ મંડળમાં સ્થાને હોઈ શકે એવો મારો અભિપ્રાય હતો.

સમિતિમાં બીજા પણ મારા વિચારના હતા. પણ મને મારા વિચારો પ્રગટ કરવાનું શૂર ચડ્યું હતું. તે કેમ જણાવાય તે પ્રશ્ન થઈ પડ્યો. બોલવની મારી હિંમત નહોતી. તેથી મેં મારા વિચાર લખીને પ્રમુખની પાસે મૂકવાનો નિશ્ચય કર્યો. હું મારું લખાણ લઈ ગયો. મને યાદ છે તે પ્રમાણે એ લખાણ વાંચી જવાની મારી હિંમત ન ચાલી. પ્રમુખે તે બીજા સભ્યની પાસે વંચાવેલું. દા. ઍલિન્સનનો પક્ષ હારી ગયો. એટલે આવા પ્રકારના મારે સારુ આ પહેલા યુદ્ધમાં હું હરનાર પક્ષમાં રહ્યો. પણ તે પક્ષ સાચો હતો એવી મને ખાતરી હતી, તેથી મને સંપૂર્ણ સંતોષ હતો. મારો કંઈક ખ્યાલ એવો છે કે મેં ત્યાર પછી સમિતિમાંથી રાજીનામું આપેલું.

મારું શરમાળપણું વિલાયતમાં છેવટ સુધી રહ્યું. કોઈને મળવા જતાંયે જ્યાં પાંચ સાત માણસનું મંડળ એકઠું થાય ત્યાં હું મૂંગો બની જાઉં.

એક વખત હું વેંટનર ગયેલો. ત્યાં મજમુદાર પણ હતા. અહીં એક અન્નાહારી ઘર હતું ત્યાં અમે બન્ને રહેતા. 'એથિક્સ ઑફ ડાયટ'ના કર્તા આ જ બંદરમાં રહેતા હતા. અમે તેમને મળ્યા. અહીં અન્નાહારને ઉત્તેજન આપવાની એક સભા મળી. તેમાં અમને બંન્નેને બોલવાનું આમંત્રણ મળ્યું. બંનેએ કબૂલ રાખ્યું. લખેલું ભાષણ વાંચવામાં કંઈ બાધ ન ગણાતો એમ મેં જાણી લીધું હતું. પોતાના વિચારો કડીબદ્ધ ને ટૂંકામાં મૂકવાને સારુ ઘણા લખેલું વાંચતા એમ હું જોતો. મેં મારું ભાષણ લખ્યું. બોલવાની હિંમત નહોતી. હું વાચવા ઊભો થયો ત્યારે વાંચી પણ ન શક્યો. આંખે સૂઝે નહીં ને હાથપગ ધ્રૂજે. મારું ભાષણ ભાગ્યે ફૂલ્સકૅપનું એક પાનું હશે. તે મજમુદારે વાંચી સંભળાવ્યું. મજમુદારનું ભાષણ તો સરસ થયું. સાંભળનારા તેમનાં વચનોને તાળીઓના અવાજથી વધાવી લેતા હતા. હું શરમાયો ને મારી બોલવાની અશક્તિને લીધે દુઃખ પામ્યો. (ક્રમશઃ)

સૌજન્ય : સત્યના પ્રયોગો